ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

**ન. પરીક્ષા/મૂલ્યાં/ 9340 /2022** **તા: 08 / 07/ 00222**

પરિપત્ર નં ૨૨૭

**વિષય** : **ગુજરાત યુનિવર્સિટી** સંલગ્નઆર્ટસ , કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાની **કોલેજોમાં IPDCવિષયની જરૂરિયાત, જાગૃતિ અને અમલીકરણ અંગેના વર્કશોપમાં ઉપસ્થિત રહેવા બાબત**

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્નઆર્ટસ , કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓતથા અધ્યાપકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે, વિદ્યાર્થીઓને સર્વગ્રાહી મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે યુનિવર્સિટીએ નૂતન IPDC(Integrated Personality Development Course)અભ્યાસક્રમ માટેપરિપત્ર ન. એકેડેમિક/૫૭૩૨/૨૦૨૨, તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજપરિપત્ર કરેલ છે. આ અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ , કોમર્સ અને સાયન્સ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તથા અધ્યાપક મિત્રોને જણાવવાનું કે IPDCકોર્સની જરૂરિયાત, જાગૃતિ અને કોલેજમાં સુચારુરૂપે અમલીકરણ થાય તે માટે એકવર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓને સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તે ઉમદા હેતુસર આ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન **તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, આ કોર્સના કો-ઓર્ડિનેટર અને આ કોર્સ કોલેજમાં ભણાવી શકે તેવા ફેકલ્ટીને આ વર્કશોપમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.** શૈક્ષણિક ક્ષેત્રના અગ્રેસર વ્યક્તિ તરીકે આપણા હાથમાં યુવાનનું ભવિષ્ય છે. અને તે યુવાનો જ આવતી કાલના ભારતનું ભવિષ્ય છે. આ યુવાનોના સર્વાંગી વિકાસ માટે સર્જનાત્મક રજૂઆત સાથે તૈયાર થયેલ આ કોર્સ પ્રારંભિક બે સત્રોમાં અમલમાં આવે તે બાબતને ધ્યાને લઈ એક સત્ર દીઠ એક એઠવાડિયાના બે કલાક એમ કુલ ૧૫ અઠવાડિયાની ૩૦ કલાક (બે ક્રેડીટ) અને બે સત્રોમાં કુલ ૪ ક્રેડીટ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી અમલમાં આવે તે રીતે મંજૂરી મળેલ છે.

નીચેની લીંક પર ક્લિક કરી ઉપસ્થિત રહેનાર વ્યક્તિઓની વિગત ભરી તા:૧૩/૦૭/૨૦૨૨, બુધવાર સાંજ સુધીમાં સબમિટ કરી આપવા વિનંતી.

**લીંક –http://gg.gg/IPDC-GU-Registration** કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

**કાર્યક્રમનું સ્થળઃ સેનેટ હોલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.**
**કાર્યક્રમની તારીખઃ તા.૧૪/૦૭/૨૦૨૨, ગુરુવાર**
**કાર્યક્રમનો સમયઃ બપોરે ૨:૦૦ થી સાંજે ૫:૦૦**

Sd-
( કે. ડી. વોરા )
કા.પરીક્ષા નિયામકશ્રી

નકલ રવાના:

- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ગુજરાત યુનિવર્સીટી, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ
- સિક્યુરિટી ઓફિસર, બાંધકામ વિભાગ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ.